# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૯૨૫૧

## સલામી સવારની..

ચૂંટણી પ્હેલાં, 'ગાય માતા' તરફ લાગણી હોય છે,
પછી દૃષ્ટિમાં 'ગૌમાંસ નિકાસ'ની માગણી હોય છે,
એમને માટે તો છે 'કામ ધેનું' કસાઇ-બૂટલેગરો -
છ માસમાં જ રાજકારણી એમની રાગણી હોય છે
('ગૌહત્યા બંધી'નું સૂરસૂરીયું)

## હાઇકુ

લાગી ગ્યું તાળું?!
રામદેવના મુખે -
કાળાં નાણાંનું!!
(બોલતી બંધ!)

વહે છે ગુપ્ત -
- શિવસેનાની સાથે,
સ્નેહની ગંગા..'
(પાણી પ્હેલાંની પાળ)

## ચિંતન

**સ્પૃશન્નપિ ગજે હન્તિ જિઘ્રન્નપિ ભુજંગમઃ । હસન્નપિ નૃપો હન્તિ માનયન્નપિ દુર્જનઃ ॥**

હાથી તો માત્ર સ્પર્શ કરીને જ મારી નાખે છે (હાલમાં જ એક કિસ્સો વર્તમાનપત્રમાં આવ્યો હતો. એક યુવાનને સૂંઢની જરા છેડછાડ કરી તો હાથી એ એને હવામાં ઉડાળી પગ મૂકીને છૂંદી નાખ્યો) જયારે સર્પ માત્ર એક ઝેરી ફૂંક મારે કે સ્પર્શ કરે તો પણ મૃત્યુ થાય છે - જયારે રાજા તો હસતાં-હસાવતાં-રાજ ખટપટના ખેલ ખેલી મારી નાખે કે મરાવી નાખે છે. દુર્જનની રીતે એવી છે કે એ રૂબરૂ તો માન-મર્યાદા-વિનય વિવેક બતાવે છે હાસ્યનો દંભ રાખે પણ અંદરથી એની ઝેરી કપટ વૃત્તિ કયારે-કેવી રીતે પ્રાણ હરી લે તેની ખબર પણ પડતી નથી.

હાથી અને સર્પ જેવાં પ્રાણીઓને જો છંછેડવામાં આવે તો જ પ્રાણ હરે છે પણ દુર્જન લોકો તો સાથે હળી-મળી અને માન-સન્માન આપતા હોય એવો દંભ કરે અને પ્રાણ હરી લે - એની ખબર પણ ન પડે! આજકાલ ગેંગવોર-રાજકારણ-અને ભાગીદારીના ધંધાઓમાં આવી દુર્જનતા દેખાય છે દુશ્મની દેખાય પણ નહીં અને દંભમાં જ દંશ આપી દેતા હોય છે.

## સુવિચાર

- ભગવાન વિશ્વને પ્રેમપત્ર લખે ત્યારે એમણે હાથમાં ઝીલેલી નાની લેખિણી એટલે હું **- મધર ટેરેસા**
- સંવેદનશીલ હૃદય કભી પ્રેમમય નહીં બન શકતા **- ઓશો**
- 'સદ્ગુણો' એ તો આચરણનો પરિપાક છે.. તે કંઇ આકાશમાંથી વરસાદની જેમ નથી વરસતા **- જાપાની કહેવત**
- કેંસરથી મૃત્યુ પામનારા લોકો કરતાં ઇર્ષાથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ઘણી મોટી છે **- જહોન એફ. કેનેડી**
- ધ્યેય તરફ એક ડગલું તો ભરી જુઓ.. તમને બીજું ડગલું પ્રભુ ભરાવશે જ **- મોરારિ બાપુ**
- આપણે જે કંઇ કરીએ તે હરી સેવાના ભાવથી કરીએ... મુખમાં હરીનું નામ, હાથમાં હરીનું કામ, અંતરમાં હરિના દર્શન આવી ત્રિધારાથી જ ભક્તિમાર્ગ પર ભગત સફળ થાય છે **- ધર્મસૂત્ર**
- જેણે પ્રગતિ કરવી હોય તેણે નિંદ્રા, તંદ્રા, ભય, ક્રોધ, આળસ અને કામ ટાળવાની વૃત્તિનો સદૈવ ત્યાગ કરવો જોઇએ **- ઉત્કર્ષ મજમૂદાર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સંત સ્વભાવ કલ્યાણકારી હોય છે સૌનું ભલું, સારું અને હિત થાય એવી જ તેમની ભાવના અને મનોકામના હોય છે. જીવનની અંતિમ ક્ષણ સુધી પોતાના દ્વારા સત્કાર્ય થાય એવી જ એમની મનોવૃત્તિ હોય છે.

ચીનના સંતપુરૂષ ચુઆંગત્સે મરણ પથારીએ હતા. અંતિમ શ્વાસ ચાલતા હતા છતાં ય સંપૂર્ણ સભાન અને જાગૃત હતા. એમના શિષ્યોઓને પુછ્યું આ બધી દોડધામ અને મેદની કેમ દેખાય છે શું પ્રવૃત્તિ ચાલે છે?

એક શિષ્યએ આંખમાં આંસુ સાથે કહ્યું, તમારી સ્મશાન યાત્રા દમદાર નિકળે એની પૂર્વ તૈયારી ચાલે છે. આપની અનુમતિ અને આશીર્વાદની જરૂર છે...

ચુંઆગત્સે એ તરત માથું ધૂણાવી ના પાડી અને કહ્યું બધું અટકાવી દો! મારો મૃતદેહ એક ખૂલ્લાં મેદાનમાં કફન ઓઢાળ્યા વિના મૂકી દેજો!

.. પણ એમતો ગીધ-કાગડા... એક અનુયાયી કંઇ વધારે બોલે તે પહેલાં જ ચુઆંગત્સે કહે -

'ધરતી પર એ ખાશે છો ખાય ધરતીમાં કીડીઓ અને બીજાં કટક ખાસે. સ્મશાન યાત્રામાં તો પાંચ-પચ્ચીસ લોકો જોડાય! પણ ખૂલ્લાં માં તો આખું વિશ્વ મારી સ્મશાન યાત્રામાં સામેલ થઇ જશે!'

આવી ઉત્તમ-ઉમદા પ્રકારની વિચારશ્રેણી હોય સંતની.

Email - sureshchandrabhatt18@gmail.com

# લોકો શું કહેશે?? કુછ તો લોગ કહેંગે, લોકો કા કામ હૈ કહેના...!!

## આ ક્ષણે શ્વાસ સમેટું તો જગત શું કહેશે?, એક સુખદ ઊંઘમાં લેટું તો જગત શું કહેશે? જિંદગીમાંય જયાં અંતર હતું એ લોકોને, મોતથી પણ પડે છેટું મુંજને તો જગત શું કહેશે?



Hello ફ્રેન્ડસ!
-સંજય થોરાત
hellogandhinagar@gmail.com

કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના...'અમરપ્રેમ'નું આ ગીત લોકો શું કહેશે, તેની ગડમથલનો અલગ અંદાજમાં જવાબ આપે છે. ઘણી વાર આપણે આપણી ઇચ્છાઓ, આપણા નિર્ણયો અને આપણી મજાઓને માત્ર એટલા માટે પડતી મૂકી દઈએ છીએ કે આપણને એવો ડર સતાવે છે કે લોકો આ વિશે શું કહેશે? સમાજની મર્યાદામાં રહીને જાતની ખુશી માટે કે જિંદગીની સાનુકૂળતા માટે કોઈ ક્રાંતિકારી કે પછી પરંપરાથી થોડો હટકે નિર્ણય લેવાના સંજોગો ભા થાય તો લોકો શું કહેશે, એવી સંકુચિત વિચારસરણીને બાય બાય કહી દેજો જિંદગીથી મહામૂલી કોઈ ચીજ નથી એવું આપણે હંમેશાં વાતે વાતે કહેતાં હોઈએ છીએ પણ ક્યારેક આપણે આપણી જાતની ખુશી કરતાં સમાજને જરૂરથી વધારે મહત્ત્વ આપી દેતા હોઈએ છીએ. આપણા પરિધાનથી માંડીને જીવનના મોટાભાગના નિર્ણયને આપણે સમાજને કેન્દ્રમાં રાખીને લઈએ છીએ ત્યારે એવું નથી લાગતું કે આપણે જિંદગીને ઓછું મહત્ત્વ આપીએ છીએ,મનની ખુશીને અન્ય લોકોના કહેવા માટે અથવા તો અન્ય લોકો પાસે આપણી છબી સારી બની રહે તે માટે કુરબાન કરી દઈએ છીએ. અહીં કહેવાનો અર્થ એ નથી કે સમાજની અવગણના કરીને કે સામાજિક મર્યાદાનો ભંગ કરીને બેફામ જીવવું પણ કહેવાનો અર્થ એ છે કે હદથી વધારે સમાજની પરવા કરીને જાત સાથે કે આપણી સ્વતંત્રતા પર કાપ મૂકીને તમે સમાજને પ્રિય તો નથી બની જતાં પણ હા, જિંદગી સાથે દ્રોહ ચોક્કસ કરો છો.

સુખી-સંપન્ન પરિવારમાં ઉછરેલ શાલિની નાની હતી ત્યારથી એવા વાતાવરણમાં રહેલી હતી કે જયાં ડગલે અને પગલે મનની નાની-નાની ઇચ્છાનું દમન કરવાનું હતું અને સામાજિક માન્યતાઓનું જ જતન કરવાનું હતું. શાલિનીના પિતા શહેરના એક મંદિરના ટ્રસ્ટી હતા અને એક ધાર્મિક, સંસ્કારી પરિવાર તરીકે સમાજમાં તેમની નામના હતી. શાલિની જયારે નાની હતી ત્યારે તેને શેરીમાં છોકરા સાથે રમવાનું મન થતું. તેની દરેક ફ્રેન્ડ બિન્ધાસ્ત રમતી પણ શાલિનીને કહેવામાં આવતું કે આ રીતે શેરીમાં છોકરાં સાથે રમીશ તો લોકો શું કહેશે. શાલિનીને તેના ફ્રેન્ડસર્કલમાં બેનજીનું બિરુદ મળ્યું હતું, કારણ કે તે ફુલસ્લીવના સલવાર કુરતાને જ પ્રીફર કરતી, કારણ કે તેને તે માટે મજબૂર કરવામાં આવતી. શાલિનીને પણ મન થતું કે ફેશનની દુનિયાના દરેક રંગને અપનાવે પણ જયારે તે શોપિંગ કરતી વખતે તેની પસંદગી જણાવતી તો કહેવામાં આવતું કે તું કોની દીકરી છે તને ખબર છે. તું પણ ફેન્સી આઉટફિટ પસંદ કરીશ તો લોકો શું કહેશે. બસ, આ રીતે સમાજની માન્યતાનું જતન કરતાં શાલિની યુવાનીને ઉંબરે આવીને ઊભી. કોલેજમાં તેમની સાથે અભ્યાસ કરતાં રાહુલ સાથે શાલિનીને દોસ્તી થઈ. રાહુલ અભ્યાસની સાથે એક એનજીઓ સાથે પણ જોડાયેલ હતો. તે એનજીઓના માધ્યમથી જે સોશિયલ એક્ટિવિટી કરતો હતો તે સરાહનીય હતી. શાલિની ધીમે ધીમે રાહુલની પર્સનાલિટી અને તેમની પ્રવૃત્તિથી પ્રભાવિત થતી ગઈ. ધીરે ધીરે આ પ્રભાવ પ્રેમમાં ક્યારે પરિણમ્યો એ શાલિનીને પણ ખબર ન રહી. કોલેજ પૂરી થઈ ગઈ પણ તેમનો મળવાનો સિલસિલો ન થંભ્યો. રાહુલે આઈએએસની પરીક્ષા પાસ કરી લીધી. રાહુલે શાલિનીને લગ્ન માટે ઘરે વાત કરવા પણ કહ્યું પણ રાહુલ પછાત જ્ઞાતિનો હોવાથી શાલિની જાણતી હતી કે પરિવારના લોકો નહી માને. શાલિની ઉંમરલાયક થતાં આ બાજુ તેના માટે પણ યોગ્ય વરની તલાશ શરૂ થઈ ગઈ.



એક દિવસ શાલિનીએ હિંમત કરીને રાહુલ વિશે જણાવ્યું. રાહુલની ઉજ્જવળ કારકિર્દી ને બધું જ જોતાં દરેક રીતે રાહુલ શાલિની માટે યોગ્ય હતો પણ ધાર્મિક પરિવારની સમાજમાં આવી છાપ છે ને એક પછાત જ્ઞાતિના છોકરા સાથે કેમ દીકરીનાં લગ્ન કરવાં? પિતાને પણ એ જ ડર સતાવી ગયો કે સમાજ શું કહેશે. બસ, આ ડરને લીધે જ તેમણે શાલિનીને તેમની જ જ્ઞાતિના યુવક સાથે અન્ય જગ્યાએ સમજાવીને પરણાવી દીધી પણ શાલિનીને પરણ્યાને બીજે દિવસે જ ખ્યાલ આવ્યો કે તેમનો પતિ અનેક પ્રકારનાં ગેરકાનૂની કામ કરીને પૈસો કમાય છે. થોડા દિવસ તો આ બધું જ સારી રીતે ચાલ્યું પણ પછી શાલિનીના પતિને જેલના સળિયા ગણવાનો જ વારો આવ્યો. શાલિનીએ તેમના પતિને સારા માર્ગે વાળવા ઘણો પ્રયાસ કર્યો. શાલિની વારંવાર તેમના પતિની જમાનત કરાવતી અને તેમનો પતિ વારંવાર જેલ જતો. શાલિની હવે આ બધાથી કંટાળી ગઈ હતી. તેમના પિતાને પણ અફસોસ થયો કે લોકો શું કહેશે તેવા ડરને લીધે રાહુલ જેવા હોનહાર છોકરાને છોડીને જ્ઞાતિનો યુવક પસંદ કર્યો અને તેમણે જ સમાજમાં મારું નાક કાપ્યું. શાલિનીએ હવે તેમના પતિને ડિવોર્સ આપી દીધા અને શાળામાં જોબ કરવાનું શરૂ કર્યું. એક દિવસ સ્કૂલમાં વાલી સંમેલન હતું. રાહુલ એક સુંદર પ્રભાવશાળી મહિલા સાથે શાળામાં એન્ટર થયો ત્યારે શાલિનીને ખબર પડી કે રાહુલની પુત્રી આ જ શાળામાં ભણે છે. શાલિનીને આજે સમજાયું કે કાશ, મેં મારી ખુશી માટે તે સમયે જો હિંમતભેર એક પગલું ભર્યું હોત તો રાહુલ આજ મારો હોત. જે સમાજ માટે મેં મનને મારીને જ જીવતર કાઢયું તે આખાય સમાજ વચ્ચે પણ હું તો આજે એકલી જ છું.

શાલિનીની જેમ આપણી જિંદગીમાં પણ ક્યારેક એવા મહત્ત્વના વળાંક આવે છે જયારે આપણે આપણી જિંદગીને કેન્દ્રસ્થાને મૂકીને નિર્ણય કરવાના હોય છે પણ તેના બદલે આપણે સમાજ શું કહેશે, લોકો શું કહેશે, કોને કેવું લાગશે વગેરે અસમંજસમાં જાત સાથે અન્યાય કરી બેસીએ છીએ. જિંદગીની અમુક વ્યક્તિગત મેટરની વાત હોય, જાતને ખુશ કરવાનો મુદ્દો હોય ત્યારે સમાજ શું કહેશે તેવા ડરે કોઈ અણગમતો નિર્ણય લેવા કરતાં બહેતર છે કે મન મુજબનું થોડું જીવી લેવાય.

પહેલાં કરતાં આજે સમાજ ઘણો બદલાયો છે. આધુનિક સમાજની સંકુચિતતા થોડા ઘણા અંશે ઓછી થઈ છે. આપણે વ્યક્તિગત મૌલિકતા અને સ્વતંત્રતાને સ્વીકારતાં થયા છીએ. છતાં પણ આજે એવી સમાજની અનેક માન્યતાઓ છે જેને કોઈ પણ પ્રકારના તર્કવિતર્ક વગર આપણે માત્ર એ માટે અનુસરીએ છીએ કે જો આ માન્યતા કે પરંપરાને તોડવામાં આવશે તો સમાજ શું કહેશે? લોકો શું કહેશે? પણ જો વ્યક્તિમાં યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાનો ડિસિઝન પાવર હોય તો સમાજની માનસિકતાને આપણી બદલી શકીએ છીએ. બસ, જરૂર છે આપણી મૌલિકતાને વિકસાવવાની. ગાડરિયા પ્રવાહમાં ચાલ્યા જવા કરતાં થોડું વિવેક બુદ્ધિથી વિચારવાની, એક જ ઘરેડમાં બધાં જ ચાલે છે તેમ સમાજ માટે કે કોઈ પ્રણાલી માટે ચાલવું જરૂરી નથી. જો આપણને માફક ન આવતું હોય તો હોટેલમાં કાંટા, છરી છોડીને બિન્ધાસ્ત હાથથી જમો. પણ જો આ સમયે વિચારશો કે કોઇ શું કહેશે તો જિંદગીની બીજી મજાની જેમ ભોજનના સ્વાદને પણ નહી માણી શકો.

ઘણી વાર આપણે સમાજની દૃષ્ટિએ સારા દેખાવા માટે ખૂબ જ દંભી બની જતાં હોઈએ છીએ. જે ન ગમતું હોય કે ન ફાવતું હોય તે પણ સૌના જોડે કરી નાખવાનો પ્રયાસ કરીએ છીએ. શોપિંગ કરીએ તો દેખાદેખીમાં આવી જઈને કરીએ. કપડાની પસંદગી કરતી વખતે પણ આપણને શું ગમે છે તે ભૂલી જવાય છે અને લોકોને મારી ચોઈસ કેવી લાગશે તે ધ્યાનમાં રાખીને આઉટફિટ ચૂઝ કરીએ છીએ.

**ચૂંટલો :**

જિંદગી આપણી પોતાની છે. તેમાં લોકો શું કહેશે એવી ચિંતા કરવા કરતાં મનનું માનીને મોજથી જીવી લેવામાં કોઇ અપરાધ નથી થતો, કારણ કે લોકો કહીને જ અટકી જતાં હોય છે, એનાથી વધારે અહીં કોઈને કોઇના માટે ફુરસદ ક્યાં હોય છે.

# સારું બાળકો આજ સવારે મારાથી એક જબરજસ્તી થઇ ગઇ. હું અત્યાચાર કરી બેઠો. ગુસ્સામાં મેં મોહન પર હાથ ઉપાડી દીધેલો, ભુલ મારી જ હતી, તે માટે મને અફસોસ છે

## નવાં કલેવર

- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

'તો એ મને કહે કે મેં એવું શું કર્યું?'

'જા... જા... કંઇ નથી કર્યું. મેં તને માર્યું તો માર્યું જા થાય તે કરી લે' હવે જોરાવરસિંહની અંદર બેઠેલી પોલીસ બોલ્યો.

'સારું, તો હું અહીં બેઠો છું. તમારા દરવાજાની બહાર.'

'બેસ કે મર મારે શું' જોરાવરસિંહે કહ્યું ત્યાં તેની પત્ની બહાર આવી. અને ટોળે વળેલા લોકોને હાથ જોડી જવા કહ્યું અને મોહનનો હાથ પકડી અંદર લઇ ગઇ.

'હવે બોલ બેટા, શું મોટો ગજબ થઇ ગયો છે? તેમણે તને એકાદ ધોલ લગાવી તો એમાં શું થઇ ગયું. અમારે મન તો તું અમારા દીકરા જેવો છે. લે હવે મેં ધોઇ લે હું તને નાસ્તો આપું.'

'આંટી, તમારી વાત સાચી છે. પણ અંકલ કહેતો ખરા કે...'

'એ હવે શું કહેશો, સમજ કે ગુસ્સો આવી ગયો હશે.' 'તો બસ પાંચ પાડોશીઓ રૂબરૂ એટલું કહી દે.'

'ભઇ તું તો બહુ જીદ્દી છે. એનાથી શું થઇ જવાનું.'

'મને સંતોષ થશે કે મેં જે કર્યું તે બરાબર કરેલું.'

'હું કહું છું કે તારી ભૂલ નહોતી. તે બરાબર જ કરેલું.'

'તમે કહ્યું એ હું માનું છું પણ મને માર્યો તો અંકલે સૌની સામે'

'અરે! સાંભળો છો. સવાર સવારમાં આ શું મહાભારત ઊભું કર્યું છે. કહી દો ને કે ગુસ્સો આવ્યો તેમાં મરાઇ ગયું.'

'બસ... બસ... તારી ભલમનશાહી રહેવા દે. આ છોકરો મને મારા ઘરમાં મારા છોકરાઓની સામે અપમાનિત કરવા માંગે છે.' જોરાવરસિંહ ગરજ્યા.

'એમાં શું થયું. કયાં તમે હેઠા પડી જવાના?'

'તું ઊભી રે, હું એને ધક્કો મારીને બહાર કાઢી મુકું છું.' એટલું કહેતાં જોરાવરસિંહ આગળ વધ્યા.

અંકલ તમે શું કામ હેરાન થાવ છો, હું મારી જાતે તમારા ઘરમાંથી બહાર નીકળી જાઉં છું. મોહને એટલું કહ્યું અને હાથ જોડી બહાર આવી ગયો. પણ ગયો નહીં. દરવાજા પાસે જ ગોઠણ પર માથું ટેકવી બેસી ગયો. આ તરફ એ પોલીસનો નવો ગણવેશ પહેરી તૈયાર થવા લાગ્યા.

'સાંભળો છો. પેલો છોકરો હજુ દરવાજા પાસે જ બેઠો છું. કહી દો ને કે ગુસ્સો આવી ગયેલો. શું કામ ગામ આખામાં ઢોલ પીટાવો છો કે વેંતભરનો છોકરો ફોજદાર દરજ્જાના સરકારી અધિકારીના દરવાજે સત્યાગ્રહ પર બેઠો છે. જો અખબાર અને ચેનલોવાળાને ખબર પડશે તો તરણાનો ડુંગર થઇ જશે. આજે પાછી ગાંધી જયંતી પણ છે.'

'તું શું બોલે છે... હું એ છોકરા પાસે આજીજી કરું માફ કરી દે મારા બાપ..' ત્યાં 'સબકો સન્મતી દે ભગવાન ઇશ્વર અલ્લા તેરે નામ'ની ધૂન સંભળાઇ. બારીમાંથી જોયું તો છોકરાઓ હાથમાં ઝંડા અને પુંઠાની તકતીઓ લઇ ગાતા ગાતા પ્રભાતફેરીમાં નીકળ્યા હતા. ઇન્સ્પેક્ટર અંદર ઊભા હતા અને મોહન બહાર દરવાજે બેઠો હતો. ત્યાં છોકરાઓનું ટોળું આવી પહોંચ્યું. પોતાના મિત્રને અહીં બેઠેલ જોઇ બધા ઊભા રહી ગયા.

'શું થયું?'

'મોહન અહીં કેમ બેઠો છે?'

'ચાલો એને સાથે લઇ લઇએ.'

'ચાલ મોહન પ્રભાત ફેરીમાં અહીં બેઠો બેઠો શું કરે છે? આગળ હતો એ છોકરાએ તેનો હાથ પકડીને ઊભો કર્યો ને જોયું તો તેની આંખો સુજીને લાલ થઇ ગઇ છે અને તેની આંખમાંથી આંસુઓ વહી રહ્યાં છે.'

'અરે! આને શું થયું?' સૌ કોઇ બોલી પડ્યા.

ત્યાં એક છોકરાએ જે સવારે દૂધ લેવા આવેલો તેણે આખી વાત કરી. અને કહ્યું કે મોહન સવારથી એ વાત પકડીને બેઠો છે કે અંકલે તેને માર્યો તેમાં તેનો વાંક શું હતો. સમજાવી સમજાવીને સૌ થાકી ગયા. પણ એ ત્યાંથી હટતો નથી.

'મોહન તારી તખ્તી કયાં છે? કાલ તો મોટી મોટી ડંફાસો મારતો હતો કે હું ગાંધીજીનો એવો વિચાર પસંદ કરીશ કે...'

'એ તો આ રહ્યો. લ્યો વાંચો.' કહેતાં મોહને એક કાગળ કાઢીને બતાવ્યો.

'અત્યાચારને સહન કરવો એ તેને પ્રોત્સાહિત કરવા સમાન છે.'

'બીજું તો ઠીક ગાંધી જયંતિને દિવસે ગાંધીજીની એક વાત સાચી ઠેરવી બતાવીએ.' એટલું બોલી એક મોટા છોકરાએ ત્રિરંગાને ઊંચો કરતાં જોરથી કહ્યું. 'મિત્રો, અંકલે ચોખવટ તો કરવી જ પડશે. આપણે બધાં અહીં જ ઊભાં રહો, 'બોલો મહાત્મા ગાંધી કી જય, અંકલ બહાર આવો.' અને આજુબાજુ એ જ નારાઓ ગુંજવા લાગ્યા.

હવે સોસાયટીના બધા લોકો ભેગા થઇ ગયા. સૂત્રોચ્ચાર થવા લાગ્યા. મોહન હાથ જોડીને દરવાજા પાસે ઊભો રહ્યો. થોડીવાર પછી નૂર મહંમદ દરવાજો ખોલી અંદર ગયા અને જોરાવરસિંહ સાથે બહાર આવ્યા. પછી બધા સામે ખુબ વ્હાલપૂર્વક જોઇ બોલ્યા. 'વ્હાલાં બાળકો સાંભળો, અંકલ તમને કંઇક કહેવા માંગે છે. એટલું કહી તે પાછળ હટી ગયા.'

હવે સામે પોલીસ અંકલ આવ્યા. તે કહેવા લાગ્યા. 'સારું બાળકો આજ સવારે મારાથી એક જબરજસ્તી થઇ ગઇ. હું અત્યાચાર કરી બેઠો. ગુસ્સામાં મેં મોહન પર હાથ ઉપાડી દીધેલો. ભુલ મારી જ હતી. તે માટે મને અફસોસ છે.'

આટલું સાંભળીને મોહને આગળ વધીને અંકલને ચરણસ્પર્શ કર્યો અને જોરથી સૌએ સૂત્રોચ્ચાર કર્યો. 'અંકલ ઝિંદાબાદ....'

- vanvihari@gmail.com

# ૨૧મી સદીમાં સ્ત્રીની મરજી ચાલે છે?

## ગુલમહોર

- દિનેશ દેસાઈ

વીસમી સદીની હોલિવૂડ ફિલ્મોની હિરોઈન, મોડલ, સિંગર અને ફિલ્મમેકર મેરિલિન મનરો (જન્મ-૧૯૨૬, નિધન-૧૯૬૨) માત્ર ૩૬ વર્ષ જીવી ગઈ. પરંતુ સૌંદર્યની રીતે તે આજે પણ ચાહકોનાં હૃદય ઉપર રાજ કરે છે. તેણે ત્રણ લગ્ન કર્યા. બધા જ લગ્ન પોતાની પસંદગીનાં હતાં. છતા ૩૬ વર્ષે તેણે દવાઓના ઓવરડોઝથી મોત વહાલું કર્યુ ત્યારે તે સાવ એકલી હતી. ત્રીજા પતિ આર્થર મિલર સાથે પણ ડિવોર્સ થઈ ગયા હતા.

આ મેરિલિન મનરોએ વીસમી સદીના મધ્ય ભાગમાં નારી સ્વતંત્રતા વિશે વાત કરી હતી. તેણે કહેલું કે - શું સ્ત્રીની પોતાની મરજી તેની જિંદગી ઉપર ચાલે છે, કે પછી સ્ત્રી કોઈના હાથમાં કઠપૂતળી બનીને જિંદગીભર નાચ્યા જ કરે છે? તેનું આ વિધાન તે સમયની સમાજવ્યવસ્થા ઉપર તો કટાક્ષ કરતું જ હતું. પરંતુ આજે પણ તેનો આ સવાલ એટલો જ પ્રસ્તુત છે. શું ૨૧મી સદીમાં પણ સ્ત્રીની મરજી ચાલે છે? એનો જવાબ મેળવવો જ જોઈએ.

સામાન્ય રીતે આપણે ત્યાં કેવી સમાજવ્યવસ્થા છે? દીકરીનો જન્મ થાય ત્યારથી સરેરાશ ૨૦ વર્ષ સુધી પિતાની મરજી મુજબ જીવવાનું હોય છે. ૨૦ પછી અથવા લગ્ન થયા પછીના ૨૦ વર્ષ સ્ત્રી તેના પતિ કહે એમ જીવવાનું જાણ્યે-અજાણ્યે પસંદ કરી લે છે. એ પછીનાં ૨૦ કે તેથી વધુ વર્ષ સ્ત્રી પોતાના દીકરાની મરજી પ્રમાણે જીવવાની સમાજવ્યવસ્થા સ્વીકારી લે છે. આ એક સરેરાશ વાત છે. કોઈ સ્ત્રીને પિતા, પતિ અથવા દીકરો યા ત્રણમાંથી એક કે બે અથવા ત્રણેય ન હોય તો સ્થિતિ જુદી હોઈ શકે.

મોટા ભાગના કિસ્સામાં સ્ત્રી લાગણીના સંબંધથી જોડાયેલી હોય છે. પિતા સાથે અથવા ઘર-પરિવારના વડીલ સાથે પૂરા આદરભાવ અને માન-સન્માન સાથે સ્ત્રી એક દીકરી તરીકે સંબંધના નાજુક તાંતણે બંધાયેલી હોય છે. સ્ત્રી બગાવત કરી જ શકે છે, પરંતુ પોતાનાં કુટુંબીજનો સાથે એ પ્રેમ-લાગણીથી જ વર્તે છે. આ જ વાત સ્ત્રી લગ્ન કરે એ પછી પણ દોહરાતી રહે છે. ભારતીય પરંપરા અને સંસ્કાર સ્ત્રીને પતિ સાથે પ્રેમ-લાગણી અને આદર સાથે વર્તવા પ્રેરે છે. પરંતુ સ્ત્રીનો સરળ-સહજ સ્વભાવ અને આદરની ભાવનાને પિયર પક્ષની જેમ શ્વસુરગૃહ અથવા પતિગૃહે જાણે શરણાગતિ જ માની લેવામાં આવે છે.

> **જન્મથી ૨૦ વર્ષ પિતાની મરજી મુજબ જીવવાનું, ૨૦ પછી અથવા લગ્ન પછીનાં ૨૦ વર્ષ પતિ કહે એમ જીવવાનું અને તે પછીનાં ૨૦ કે તેથી વધુ વર્ષ દીકરાની મરજી પ્રમાણે જીવવાની સમાજવ્યવસ્થા ચાલ્યા કરે છે**

પરિણીતા લગ્નજીવન સુખી રાખવા, લગ્નજીવન બચાવી લેવા અથવા લગ્નજીવન ટકાવી રાખવા માટે પોતાની વ્યક્તિગત પસંદગી યા ગમા-અણગમાનો ડગલેને પગલે ભોગ આપતી જ રહે છે. જમવાનું બનાવવાનું અથવા કૂક (રસોઈયા) પાસે બનાવવાનું પોતાના હાથમાં હોવા છતા સ્ત્રી પોતાની પસંદગીનું શાક અથવા બીજી વાનગી બનાવડાવવાના બદલે પતિ અને પરિવારને શું ગમશે, શું ભાવશે, તેનો જ વિચાર કરતી રહે છે. પોતાના શોખ, પોતાની પસંદગી, પોતાની ઈચ્છાઓ, પોતાની અપેક્ષાઓને તે લગ્નજીવનની વેદી ઉપર હોમતી રહે છે, સ્વાહા કરતી રહે છે. મહત્વની વાત એ પણ છે કે સ્ત્રીને પતિ-પરિવાર તરફથી કોઈ અપવાદ સિવાય સામેથી એની ખ્વાહિશ વિશે કદી પણ પૂછવામાં આવતું નથી. સ્ત્રી શા માટે આ પરિસ્થિતિ ચલાવી લેતી હોય છે? કારણ કે સ્ત્રી મહાભારતના અર્જુનની જેમ પોતાનાં જ સ્વજનો સામે બગાવત કરવા તૈયાર હોતી નથી. સરેરાશ રીતે બહારથી દેખાતા દરેક સુખી લગ્નજીવનની ભીતર પરિણીતાનાં ડૂસકાં અને મૂંગી વેદના ભારોભાર છુપાયેલાં જ હોય છે. જેની કોઈને ખબર હોતી નથી.

દીકરી મટીને સ્ત્રી લગ્ન બાદ કોઈની પરિણીતા બને છે, એ પછી સ્ત્રીના જીવનનો ત્રીજો તબક્કો માતાની ભુમિકાનો છે. જિંદગીનો આ ત્રીજો પડાવ આવે છે ત્યારે સ્ત્રીએ મા તરીકે દીકરા (જો હોય તો) કહે એ પ્રમાણે જિંદગી જીવવાનું મન બનાવી લેવું પડે છે. ભલે પતિ જીવિત હોય અને પોતાની સાથે જ હોય, તેમ છતા ત્રીજા તબક્કામાં દીકરો મોટો થઈ ગયો હોય અને ઘરના સંચાલનની તમામ જવાબદારીઓ ક્રમશઃ સંભાળી રહ્યો હોય ત્યારે ફરી એક વાર મા તરીકે સ્ત્રી પોતાના દીકરાના વાત્સલ્યભાવ હેઠળ આવી જાય છે.

માની મમતા સ્વયં સ્ત્રીને સુક્ષ્મ રીતે પણ દીકરાની બંદી બનાવી દે છે. દીકરો કહે એમ મા કરતી રહે છે. ત્રીજા તબક્કામાં સ્ત્રીની જિંદગીનું સમગ્ર સંચાલન દીકરા ઉપર નિર્ભર બની જાય છે. આમ કેમ? આ સવાલનો જવાબ દરેક સ્ત્રીએ પોતે જ શોધવો રહ્યો. એક કવિએ કહ્યું છે કે જગતનું ઝેર પીવાને હવે કોઈ શંકર નહી આવે. પોતાની મુશ્કેલીમાંથી માર્ગ વ્યક્તિએ પોતે જ કાઢવો પડે.

જન્મથી લઈને જીવનના ત્રણ મુખ્ય તબક્કામાં સરેરાશ રીતે સ્ત્રી માત્ર અને માત્ર આદર-પ્રેમ-લાગણીથી પુરુષની શરણાગતિ જાણ્યે કે અજાણ્યે સ્વીકારી લે છે. પિતા સમક્ષ આદરભાવ હોય, પતિ સમક્ષ પ્રેમભાવ હોય અને પુત્ર સમક્ષ લાગણીભાવ હોય. સ્ત્રી આ તમામ સંજોગોમાં એમના સુખમાં પોતાનું સુખ સમજીને સમર્પણભાવ રાખતી હોય છે. એમનું કહ્યું માનવાનું, એ કહે એમની સાથે બોલવાનું, એ કહે એવું જ પસંદ કરવાનું, એમને ના ગમતું પરંતુ પોતાને ગમતું હોય એવું કશું જ નહી કરવાનું વગેરે.

સવાલ માત્ર એટલો જ છે કે સ્ત્રીએ એક દીકરી તરીકે પિતાને આપવા યોગ્ય આદર આપવો જ રહ્યો. પરંતુ સાથે સાથે પિતાને પોતાની પસંદ-નાપસંદ અને ગમો-અણગમો કહેવો જ જોઈએ. દરેક મુદ્દે નિખાલસ ચર્ચા પણ કરવી જ જોઈએ. એ જ પ્રમાણે લગ્ન પછી પતિ સાથે પણ પોતાની વ્યક્તિગત બાબતો વિશે સ્પષ્ટતા કરવી જ જોઈએ. એવું જરુરી નથી કે પતિને જે વાનગી, શોખ, રમતગમત ગમે એ તમામમાં તેની પત્ની તરીકે સ્ત્રીએ હા જ પાડવી જોઈએ. એવું કરવાથી પ્રેમ વધી જતો કે ઘટી પણ જતો નથી. આ જ પ્રમાણે જીવનના છેલ્લા પડાવ ઉપર પહોંચેલી સ્ત્રીને માતા તરીકે દીકરો કહે ત્યાં જ જવાનું કે દીકરાને ન ગમે તે સ્વજનો-મિત્રો વગેરે સાથે વાત નહી કરવા જેવા પ્રતિબંધો માનવા કેટલા અંશે વાજબી છે? શું આવી શરણાગતિ આદર-પ્રેમ-લાગણીના નામે સ્વીકારી લેવી જોઈએ?

(અનુસંધાન પાના નં. ૬ પર)